सत्यमेव जयते

FORM–A

મે.૨૮માં એડીશનલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ શ્રી કે.એમ.વ્યાસ સાહેબશ્રીની કોર્ટ, અમદાવાદ સીટી સમક્ષ (કોર્ટ નં.૫૦)
ફોજદારી કેસ નં.76896–2023
આંક–

જજમેન્ટ તારીખ	06/04/2026
ગુન્હો	ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટ,૧૮૮૧ ની કલમ -૧૩૮ અન્વયે
ગુના રજિસ્ટર નંબર	––
ફરિયાદી	**આર.બી.એલ.બેંક લી.** ના ઓથોરાઇઝ પર્સન – **હિતેશ વાઢીયા** **શાખા:** ફસ્ટ ફલોર, વિવા કોમ્પલેક્ષ, એલીસબ્રીજ, અમદાવાદ–૩૮૦૦૦૬.
ફરિયાદપક્ષે વિ.વ.શ્રી	એન.એચ. પટેલ
આરોપી	**૧.જગદીશ** **રહે.** સી–ઓ, મંગલસિંગ નોઅપુર, ગિરાતગંજ, નોઅપુર, જિ. રાયસેન – ૪૬૪૮૮૪
આરોપીના વિ.વ.શ્રી	પી.એ. ભટ્ટ

FORM-B

ગુનાની તારીખ	––
પ્રથમ માહીતી અહેવાલની તારીખ	––
ચાર્જ શીટની તારીખ	––
પ્લી/તહોમતનામુ ઘડયાની તારીખ	––
પુરાવા શરૂઆતની તારીખ	––
ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ	––
ચુકાદાની તારીખ	**૦૬/૦૪/૨૦૨૬**
સજાના હુકમની તારીખ જો કોઇ હોય તો	**૦૬/૦૪/૨૦૨૬**

–: આરોપીની વિગત :–

અ નુ નં.	આરોપીનુ નામ	ધરપક ડ ની તારીખ	જામીન મુકિત ની તારીખ	ગુન્હાનુ તહોમત	શું નિર્દોષ છોડયા /સજા કરી	કરવામાં આવેલ સજા	સુનાવણી દરમિયાન અટકાયતનો સમયગાળો ફો.કા.સં. કલમ–૪૨૮ મુજબ
૧	**૧.જગદીશ**	––	––	ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટ,૧૮૮૧ ની કલમ –૧૩૮ અન્વયે	સજા કરી	(૦૧) વર્ષની સાદી કેદની સજા	––

FORM-C

-: ફરિયાદી/બચાવપક્ષ/ન્યાયાલયના સાક્ષીઓની યાદી :-

(એ) ફરિયાદપક્ષના સાહેદ :-

અનુ.નં.	નામ	આંક	પુરાવાનો પ્રકાર
PW-૧	ફરિયાદી હિતેશ વાઢીયા નું સરતપાસનુ સોગંદનામુ.	૦૪	ફરિયાદી

(બી) બચાવપક્ષના સાહેદ :-

અનુ.નં.	નામ	આંક	પુરાવાનો પ્રકાર
DW-૧	કોઇ સાહેદ તપાસેલ નથી.		

(સી) અદાલત દ્વારા સાહેદ :-

અનુ.નં.	નામ	આંક	પુરાવાનો પ્રકાર
CW -૧	કોઇ સાહેદ તપાસેલ નથી.		

-: ફરિયાદી/બચાવપક્ષે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાના આંકની સૂચિ :-

(એ) ફરિયાદપક્ષે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા:-

અનુ.નં.	આંક	વર્ણન
૧.	૦૮	તકરારી ચેક
૨.	૦૯	ચેકનો રીટર્ન મેમો
૩.	૧૦	નોટીસની ઓફીસ કોપી
૪.	૧૧	આર.પી.એડી સ્લીપ
૫.	૧૨	ઓનલાઈન ટ્રેક રીપોર્ટ
૬.	૧૩	પાવર ઓફ એટર્ની

(બી) બચાવપક્ષના આંક:-

અનુ.નં.	આંક	વર્ણન
-	-	-

(સી) ન્યાયાલયના આંક:-

અનુ.નં.	આંક	વર્ણન
-	-	-

(ડી) ભૌતિક પદાર્થ :-

અનુ.નં.	ભૌતિક પદાર્થ સંખ્યા	વર્ણન
-	-	-

જજમેન્ટ

(૧) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, ફરિયાદી કંપનીઝ એકટ ૧૯૫૬ હેઠળ નોંધાયેલ એક બેંકિંગ કંપની છે અને ભારતીય

રિઝર્વ બેંકની માર્ગદર્શીકા અનુસાર કાર્ય કરે છે અને ગ્રાહકોને તેમની જરૂરિયાતના સંદર્ભમાં લોન પુરી પાડવાનું કાર્ય કરે છે અને અમદાવાદ ખાતે શાખા ધરાવે છે. આ કામના તોહમતદારે ફરિયાદી બેંકનો લોન લેવા સારૂ સંપર્ક કરેલો અને ફરિયાદીએ તેમની જરૂરિયાતના સંદર્ભમાં લોન પુરી પાડેલ. જે **ફિલ્ડ ક્રોપ્સ એન્ડ એગ્રી ઓવરડ્રાફ્ટ લોન** ફેસેલીટી આપતી વખતે ફરિયાદી બેંક અને આ કામના તોહમતદાર વચ્ચે કાયદેસરનો **લોન એગ્રીમેન્ટ નં.૬૦૯૦૦૦૮૩૩૭૬૮ અને લોન એગ્રીમેન્ટ નં.૬૦૯૦૦૦૮૩૩૭૭૭** થી લોન મેળવેલ અને આ કામના તોહમતદારે ફરિયાદી બેંકને તહોમતદારે લીધેલ લોન અંગે નિયમિત માસીક હપ્તો ચુકવી આપવાની બાંહેધરી, ખાત્રી અને ભરોસો આપેલ, ત્યારબાદ ઉપરોકત એગ્રીમેન્ટ મુજબ આ કામના તોહમતદાર નિષ્ફળ જતાં તોહમતદાર જયારે હપ્તા ભરવાના બંધ કરતા ફરિયાદીએ તોહમતદાર પાસેથી લોનનાં કાયદેસરના બાકી રકમની ચુકવણીની માંગણી કરતા તોહમતદારે ફરિયાદી બેંકના કાયદેસરના લેણાં નાણાં પેટે બાકી નિકળતી રકમ સમાધાન કરી નીચે મુજબ ચેક આપેલ અને સદર કામે તોહમતદાર નં.૧ એ ચેક જારી કરેલ અને તોહમતદારે ફરિયાદી બેંકને પુરી ખાત્રી અને ભરોસો આપેલ કે પાકતી તારીખે સદરહું ચેક બેન્કમાં ભરતા સદર ચેકનાં નાણાં ચોકકસ પણે મળી જશે તેવો વિશ્વાસ સંપાદન કરેલ, ત્યારબાદ સમય જતા ફરિયાદીએ તેમની કાયદેસરની લેણી ઉપરોકત રકમની તોહમતદાર પાસે માંગણી કરતા તોહમતદારે તે રકમ સહિત ચુકવણી પેટે તા.૨૨/૦૫/૨૦૨૩ નો આર.બી.એલ બેંકનો **ચેક નં.૦૦૦૦૦૬, રૂા.૧૪,૯૮,૯૦૦/-** નો ચેક સહી કરીને ફરિયાદીને લખી આપેલો જે ચેક ફરિયાદી કંપનીની બેંકમાં તા.૦૬/૦૬/૨૦૨૩ જમા કરાવેલ. પરંતુ આ સદરહું ચેક તોહમતદારના ખાતામાંથી "**Funds Insufficient**" ના શેરાથી પરત ફરેલ રીટર્ન મેમો તા.૦૭/૦૬/૨૦૨૩ ના રોજ આપેલ છે. સદર તકરારી ચેક પરત ફરતા ફરિયાદીએ તોહમતદારને તેમના વિ.વ.શ્રી મારફતે તા.૨૪/૦૬/૨૦૨૩ ના રોજ ડીમાન્ડ નોટીસ રજી.એ.ડી. દ્વારા મોકલી આપેલ છે. તેમ છતાં આ કામના તોહમતદારે ફરિયાદીની કાયદેસરની લેણી રકમ ચુકવી આપેલ નથી કે નોટીસનો જવાબ આપેલ નથી અને તેમ કરીને

તોહમતદારે ધી નેગોશીએબલ ઈન્સટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ ૧૩૮(**સરળતા ખાતર ''એકટ''**) અન્વયે સજાને પાત્ર ગુનાહિત કૃત્ય કર્યુ હોવાથી ફરિયાદીએ હાલની ફરિયાદ દાખલ કરેલ છે.

(૨) સદર ફરિયાદ સાથે ફરિયાદીનુ સોગંદનામુ તથા અસલ દસ્તાવેજી પુરાવા રજુ થતાં તોહમતદાર સામે પ્રથમ દર્શનિય ગુનો બનતો જણાતા ફોજદારી કાર્યરિતી સંહિતા, ૧૯૭૩ (**સરળતા ખાતર ''સંહિતા''**)ની કલમ ૨૦૪ અન્વયે તોહમતદાર નં.૧ સામે સમન્સ કાઢવામાં આવ્યો હતો. જેની ધોરણસરની બજવણી થતાં તોહમતદાર તેમના વિ.વ.શ્રી સાથે હાજર થયા હતા. જેઓને સંહિતાની કલમ–૨૦૭ અન્વયે ફરિયાદની તથા દસ્તાવેજોની નકલો પુરી પાડવામાં આવી હતી તેમજ તે અંગેની ખાત્રી પણ કરવામાં આવી હતી. તેમજ બંને પક્ષે સાંભળી આંક–૧ નીચે હુકમ કરી સદર કેસ સમન્સ ટ્રાયલ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે અને તે જ દિવસે ક્રિ.પ્રો.કોડની કલમ –૨૫૧ હેઠળ તોહમતદાર નં.૧.જગદીશ ની પ્લી **આંક–૦૭** થી નોંધેલ છે અને ગુના અંગે પુછતાં તેઓએ ગુનાનો ઈન્કાર કરેલો છે, જેથી સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ હાથ ધરવામાં આવેલી.

(૩) વધુમાં ફરિયાદપક્ષ તરફે ફરિયાદીની ઉલટતપાસ તોહમતદાર તરફે નોંધવા માટે કામ મુલત્વી રાખવામાં આવેલ હતુ. પરંતુ, ત્યારબાદ પુરતી અને વ્યાજબી તક આપવા છતાં ફરિયાદીની ઉલટતપાસ કરવા માટે તોહમતદાર કે તેના તરફે કોઈ હાજર રહેલ ન હતા. તેથી ફરિયાદીની **આંક–૧૪** ની અરજી તળે હુકમ કરી, ફરિયાદીની ઉલટતપાસનો તોહમતદારનો હકક બંધ કરવામાં આવેલ છે ત્યારબાદ **આંક–૧૬** થી તોહમતદારનો એફ.એસ. રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૪) ત્યારબાદ સદર કેસ બંને પક્ષકારોની દલીલો પર મુલત્વી રાખવામાં આવેલ છે. જયારે ફરિયાદપક્ષના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે. જયારે આ કામના બચાવપક્ષ તરફે કોઈ હાજર રહેલ ન હોવાથી તેમની દલીલોનો હકક બંધ કરવામાં આવેલ છે. જેથી કેસના રેકર્ડ ઉપર પડેલ પુરાવાઓને આધારે કેસની ન્યાયીક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૫) આ કામ ફરિયાદી પક્ષે રજુ રાખેલ પુરાવા, ફરીયાદપક્ષની દલીલ તથા રેકર્ડ ઉપરની સમગ્ર હકીકતો ધ્યાને લેતાં સદર કેસના ન્યાય નિર્ણય માટે અત્રેની અદાલત સમક્ષ મુખ્યત્વે નીચે મુજબના મુદા ઉપસ્થિત થયેલ છે.

મુદા :-

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ફરિયાદીએ આ કામના તોહમતદાર પાસેથી કાયદેસર લેણી નીકળતી રકમની ઉઘરાણી કરતા, તોહમતદારે સહી કરી લખી આપેલ ફરિયાદવાળો ચેક ફરિયાદીએ બેંકમાં જમા કરાવતા તે "**Funds Insufficient**"ના શેરાથી પરત ફરતા ફરિયાદીએ તોહમતદારને એડવોકેટ મારફતે એકટની કલમ-૧૩૮ (બી) મુજબની નોટીસ સમય મર્યાદામાં આપતા, તે નોટીસ તોહમતદારને બજી ગયેલ હોવા છતાં તોહમતદારે તકરારી ચેકની કાયદેસરની લેણી રકમ ફરિયાદીને ન ચુકવી આપી, તોહમતદારે એકટની કલમ -૧૩૮ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદાના મારા નિર્ણય નીચે મુજબ છે.

(૧) હકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

-:: કારણો ::-

(૭) **મુદા નંબર : ૧**

સૌપ્રથમ મુદા નં.૧ નો નિર્ણય કરતા પહેલા ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ -૧૩૮ વંચાણે લેવી જોઈએ,

કલમ-૧૩૮ ખાતામાં અપૂરતા ભંડોળ વગેરેને કારણે ચેકનો અસ્વીકાર :

સમગ્ર રીતે અથવા અંશત: કોઈ પણ દેવુ કે અન્ય જવાબદારી અદા કરવા માટે, કોઈ વ્યકિત, પોતે નિભાવતો હોય તેવા

ખાતાનો ચેક, એ ખાતામાંથી બીજી વ્યકિતને નાણાંની ચુકવણી કરવા માટે બેંકરને લખે અને એવા ચેકની ચુકવણી કર્યા વિના બેંક પરત કરે, કારણ કે એ ખાતામાં જમા રકમ, ચેકના સ્વીકાર માટે અપૂરતી હોય, અથવા તો બેંક સાથે સમજૂતીથી કરેલ વ્યવસ્થા મુજબ ચેકની રકમ, એ રકમ કરતા વધારે હોય ત્યારે, આવી વ્યકિતએ ગુનો કર્યો ગણાશે, અને આ કારણની કોઇ અન્ય જોગવાઈઓને બાધ ન આવે તેમ તેને બે વર્ષ સુધીની કેદની શિક્ષા, અથવા ચેકની રકમથી બમણી રકમ સુધીનો દંડ અથવા બંને કરવામાં આવશે.

પરંતુ ઠરાવવામાં આવે છે કે આ કલમનો કોઇ પણ મજકુર લાગુ પડશે નહી સિવાય કે....

(ક) જે તારીખે, ચેક લખ્યો હોય તે તારીખથી ત્રણ મહિનાની મુદત અથવા તેની કાયદેસર મુદત હોય, એ બેમાંથી જે વહેલી હોય તે મુદતની અંદર બેંકમાં રજુ કરવામાં આવ્યો હોય,

(ખ) જયાં સુધી, તે ચેકનો પેઇ અથવા તો યથાક્રમધારક, જેમ હોય તેમ,તે ચેક અણ ચૂકવાયેલ પરત આવ્યાની બેંક તરફથી તેને માહીતી મળ્યાના ત્રીસ દિવસની અંદર તે ચેકના લખનારને લેખિત નોટીસ આપીને તેની રકમની ચુકવણીની માંગણી કરી હોય, અને

(ગ) તેવી નોટીસ બજયાથી ૧૫ દિવસની અંદર ચેક લખનાર ચેકના નાણાં લેનાર અથવા જે તે કિસ્સા મુજબ ચેકના ધારકને સદરહુ નાણાંની ચુકવણી કરવામાં નિષ્ફળ જાય,

ખુલાસો : આ કલમના હેતુઓ માટે દેવુ અથવા અન્ય જવાબદારી એટલે કાયદેસર રીતે જેનો અમલ કરાવી શકાય તેવુ દેવુ અથવા અન્ય જવાબદારી એવો થાય છે.

ઉપરોકત એકટની કલમ-૧૩૮ વંચાણે લેતા, સદર ગુનાના આવશ્યક તત્વો જોવા જરૂરી છે. **નામદાર સુપ્રિમ કોર્ટે અર્પના એ.શાહ વિ. શેઠ ડેવલોર્પસ**

પ્રા.લિ.એ.સી.સી.૨૦૧૩(૮)૭૧ ના પારા–૧૩ માં પ્રસ્થાપિત કરેલ છે કે, એકટની કલમ–૧૩૮ ગુનામાં નીચેના આવશ્યક તત્વો જરૂરી છે.

(i) a person must have drawn a cheque on an account maintained by him in a bank for payment of a certain amount of money to another person from out of that account;
(ii) the cheque should have been issued for the discharge, in whole or in part, of any debt or other liability;
(iii) that cheque has been presented to the bank within a period of six months from the date on which it is drawn or within the period of its validity whichever is earlier;
(iv) that cheque is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of the account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with the bank;
(v) the payee or the holder in due course of the cheque makes a demand for the payment of the said amount of money by giving a notice in writing, to the drawer of the cheque, within 30 days of the receipt of information by him from the bank regarding the return of the cheque as unpaid;
(vi) the drawer of such cheque fails to make payment of the said amount of money to the payee or the holder in due course of the cheque within 15 days of the receipt of the said notice. Being cumulative, it is only when all the aforementioned ingredients are satisfied that the person who had drawn the cheque can be deemed to have committed an offence under Section 138 of the Act."

(૭.૧) આ કામે રજુ થયેલ રેકર્ડ ઉપરનો પુરાવો વંચાણે લેવામાં આવે તો,ફરિયાદીએ પોતાની આંક–૦૪ થી રજુ કરેલ સોગંદ ઉપરની સરતપાસમાં આંક–૧ ની ફરિયાદમાં જણાવેલ તમામ હકીકતોને વળગી રહી, ફરિયાદને સમર્થનકારક જુબાની આપેલ છે. સદર તમામ હકીકતોને આ કામે ઉપર વિગતવાર રીતે જણાવવામાં આવેલ હોવાથી તેનુ પુન:રાવર્તન અત્રે ફરી કરેલ ન થી. વધુમાં, ફરિયાદીએ પોતાનો કેસ પુરવાર કરવા ઉપર જણાવ્યા મુજબના દસ્તાવેજો રજુ કરેલ છે. ચેક અણચુકવાયેલ પરત ફર્યાના કેસમાં પ્રાથમિક તબક્કે ફરિયાદીએ પુરાવો આપવાનો હોય છે કે,તોહમતદારે આપેલ ચેક કાયદેસરના દેવા કે જવાબદારી પેટે ઈસ્યુ કરી ફરિયાદીને આપેલ અને તે ચેક અણચુકવાયેલ પરત ફરેલ છે અને પુરાવો રજુ થયા બાદ ફરિયાદીની તરફેણમાં ધી નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ–૧૧૮ અને કલમ –૧૩૯ મુજબ

અનુમાન કરવાના રહે છે. તે માટે સૌ પ્રથમ ધી નેગો.ઈન્સ્ટ્રુ. એકટની કલમ–૧૩૮ના તત્વો પુરવાર થાય છે કે કેમ? તે ધ્યાને લેવું પડે.

(૭.૨) ઉપરોકત જણાવેલ આવશ્યક તત્વો પરીપૂર્ણ થાય તો ધી નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ–૧૩૮ અન્વયે ગુનો બન્યાનુ કહેવાય. ફરિયાદીની ફરિયાદ તથા રજુ થયેલ દસ્તાવેજી પુરાવા વંચાણે લેતા, એકટની કલમ –૧૩૮ના ગુનાના તત્વો પરીપૂર્ણ થતા, આરોપી સામે ગુનાનુ સંજ્ઞાન લેવામાં આવેલ છે. ત્યારબાદ ધી નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ–૧૧૮ તથા કલમ– ૧૩૯ મુજબ ચેકના ધારકની તરફેણમાં અનુમાન કરવાના રહે છે. જે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ તથા કલમ –૧૩૯ વંચાણે લેતા માલુમ પડે છે કે, જો એકવાર એમ સાબિત થાય કે, તોહમતદારે ફરિયાદીને ચેક આપેલ છે તો તેવા સંજોગોમાં કેટલાક અનુમાનો અદાલતે કરવાના રહે છે. જો કે તે અનુમાનો નિર્ણાયક પુરાવો નથી, પરંતુ તેવા અનુમાનોનું યોગ્ય અને વ્યાજબી પુરાવા તથા ખુલાસાઓથી ખંડન કરી શકાય છે. વધુમાં તોહમતદારે તેવા અનુમાનોનું ખંડન કરવા સોગંદ ઉપર જુબાની આપવી જ જોઈએ તેવો કોઈ કાયદાનો નિયમ નથી. તોહમતદાર ફરિયાદીની ઉલટ તપાસ તથા રેકર્ડ પરના પુરાવા પરથી તેવા અનુમાનોનુ ખંડન કરી શકે છે. ચૂકાદાની સગવડતા ખાતર કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ નીચે મુજબ રજુ છે.

> **118. Presumptions as to negotiable instruments**. Until the contrary is proved, the following presumptions shall be made:
>
> (*a*) **of consideration:-** that every negotiable instrument was made or drawn for consideration, and that every such instrument, when it has been accepted, endorsed, negotiated or transferred, was accepted, endorsed, negotiated or transferred for consideration;
>
> (*b*) **as to date:-** that every negotiable instrument bearing a date was made or drawn on such date;
>
> (*c*) **as to time of acceptance:-** that every accepted bill of exchange was accepted within a reasonable time after its date and before its maturity;
>
> (*d*) **as to time of transfer:-** that every transfer of a negotiable instrument was made before its maturity;
>
> (*e*) **as to order of endorsements:-** that the endorsements appearing upon a negotiable instrument were made in the order in which they appear thereon;

(*f*) **as to stamp:-** that a lost promissory note, bill of exchange or cheque was duly stamped;

(*g*) **that holder is a holder in due course:-** that the holder of a negotiable instrument is a holder in due course:

Provided that, where the instrument has been obtained from its lawful owner, or from any person in lawful custody thereof, by means of an offence or fraud, or has been obtained from the maker or acceptor thereof by means of an offence or fraud, or for unlawful consideration, the burden of proving that the holder is a holder in due course lies upon him.

139. Presumption in favour of holder:-It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque, of the nature referred to in section 138, for the discharge, in whole or in part, of any debt or other liability.

(૭.૩) વધુમાં આ કામે કયા કયા સંજોગોમાં અનુમાનોનું ખંડન કેવી રીતે કરી શકાય તથા તેવા અનુમાનોનું ખંડન કરવાનો બોજો કોના પર છે અને તે કેવી રીતે ખંડન કરી શકાય તે બાબતે નામદાર સર્વોચ્ચ અદાલતના '' **હીતેન પી. દલાલ વિરૂધ્ધ બ્રતીન્દ્રનાથ બેનરજી '' AIR 2001 SC 3897** નો ચુકાદો રીફર કરવો જરૂરી હોઈ તે નીચે મુજબ છે.

"Section 139 provides that "it shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque, of the nature referred to in Section 138 for the discharge, in whole or in part, of any debt or other liability." The effect of these presumptions is to place the evidential burden on the accused of proving that the cheque was not received by the complainant towards the discharge of any liability. Because both Sections 138 and 139 require that the Court "shall presume" the liability of the drawer of the cheques for the amounts for which the cheques are drawn, as noted in it is obligatory on the Court to raise this presumption in every case where the factual basis for the raising of the presumption had been established. It introduced an exception to the general rule as to the burden of proof in criminal cases and shifts the onus on to the accused. Such a presumption is a presumption of law, as distinguished from a presumption of fact which describes provisions by which the Court "may presume" a certain state of affairs. Presumptions are rules of evidence and do not conflict with the presumption of innocence, because by the latter all that is meant is that the prosecution is obliged to prove the case against the accused beyond reasonable doubt. The obligation on the prosecution may be discharged with the

help of presumptions of law or fact unless the accused adduces evidence showing the reasonable possibility of the non existence of the presumed fact. (Paras 20, 21)

The distinction between the two kinds of presumption lay not only in the mandate to the Court, but also in the nature of the evidence required to rebut the two. In the case of discretionary presumption the presumption if drawn may be rebutted by an explanation which 'might reasonably be true and which is consistent with the innocence" of the accused. On the other hand in the case of a mandatory presumption "the burden resting on the accused person in such a case would not be as light as it is where a presumption is raised under Section 114 of the Evidence Act and cannot be held to be discharged merely by reason of the fact that the explanation offered by the accused is reasonable and probable. It must further be shown that the explanation is a true one. The words 'unless the contrary is proved' which occur in this provision make it clear that the presumption has to be rebutted by proof and not by a bare explanation which is merely plausible. A fact is said to be proved when its existence is directly established or when upon the material before it the Court finds its existence to be so probable that a reasonable man would act on the supposition that it exist. Unless therefore, the explanation is supported by proof, the presumption created by the provision cannot be said to be rebutted.

આમ ઉપરોકત ચર્ચા કરેલ ચુકાદા મુજબ એકટની કલમ–૧૩૯ ના અનુમાનોનું ખંડન કરવાનો બોજો આરોપી ઉપર છે.

કાયદાની આજ્ઞાધારક જોગવાઈઓ

આ કામે ફરિયાદીએ સમયમર્યાદામાં ફરિયાદ કરેલ છે. આ કામે આર.બી.એલ બેંક નો **આંક - ૦૮** વાળો ચેક અનપેઇડ પરત ફરેલ છે. જે બાબતે **આંક - ૦૯** વાળા બેંકના રીટર્ન મેમામાં કારણ રજુ રાખેલ છે. તોહમતદારને **આંક - ૧૦** વાળી લીગલ નોટીશ રજીસ્ટર એડી.થી મોકલેલ છે. **આંક - ૧૧** થીઆર.પી.એડી. અસલ રસીદો રજુ કરેલ છે અને સદર કામે **આંક–૧૩** ટ્રેક રીપોર્ટ જોતા આરોપી નં.૧ને નોટીસ બજી ગયેલ છે પરંતુ ખોટા સરનામે નોટીસ મોકલેલ હોવા બાબતે કોઇ બચાવ આરોપીએ પુરવાર કરેલ નથી. વધુમાં સદર કામે **આંક–૦૭** થી આરોપીની પ્લી નોંધેલ છે તેમાં

નોટીસમાં જણાવેલું જ સરનામું જણાવેલ છે અને આરોપી હાજર થયેલ છે. ત્યારબાદ **આંક –૧૪** થી ઉલટતપાસનો હકક બંધ કરવામાં આવેલ છે. આમ ફરિયાદી દ્વારા કાયદાની આજ્ઞાધારક જોગવાઇઓનુ પાલન થયેલ છે. તેમ આ અદાલતનું માનવું છે.

(૮) હવે આ કામે ફરિયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે સાબિત કરવા રજુ કરેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓને આધારે આરોપી વિરૂધ્ધનો કેસ બીયોન્ડ રીઝનેબલ ઓલ ડાઉટ પુરવાર કરી શકેલ છે કે નહી તે આ અદાલતે જોવાનુ રહે. આ કામે આરોપી કેસમાં મુદતે હાજર રહેતા ન હોવાનું રોજકામ જોતાં સ્પષ્ટ રીતે ફલિત થાય છે. ત્યારબાદ તોહમતદાર તરફે સોગંદ ઉપર પુરાવો આપેલ નથી કે બચાવના સાહેદ તપાસેલ નથી. તેમજ બચાવમાં અન્ય કોઇ પુરાવા રજુ કરેલ નથી તથા ફરિયાદીની ઉલટતપાસ કરવા માટે તોહમતદારને વ્યાજબી અને પૂરતી તક આપેલ હોવા છતાં ઉલટતપાસ કરેલ ન હોઇ તોહમતદારનો ફરિયાદીની ઉલટતપાસ કરવાનો હકક બંધ કરતો હુકમ અત્રેની કોર્ટ દ્વારા કરવામાં આવેલ છે. આ કામે તોહમતદારે કોઇ બચાવ લીધેલ નથી. જયારે ફરિયાદપક્ષે ફરિયાદ સાબીત કરેલ છે અને કાયદાની આજ્ઞાધારક જોગવાઇઓનુ પાલન કરેલ છે. તહોમતદાર પક્ષે અનુમાનોનું ખંડન કરેલ નથી.

<u>આરોપીનો બચાવ</u>

આ કામે તોહમતદાર નં.૧ જગદીશે આંક–૦૭ થી પ્લીમા મને ગુનો કબુલ નથી, તેમ જણાવેલ છે. આ કામમાં તોહમતદારનુ સી.આર.પી.સી. કલમ-૩૧૩ અન્વયે નિવેદન નોંધવામાં આવેલ નથી. તે બાબતને લગતો કોઇ દસ્તાવેજી પુરાવો કે મૌખીક પુરાવો આપેલ નથી. આથી તોહમતદારના બચાવનું કાયદાકીય કોઇ વજુદ રહેતુ નથી. તેમ આ અદાલતનુ માનવું છે. નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ની કલમ ૧૩૮ ની કલમ ના ગુન્હા માટે અનુમાનોનું ખંડન આવશ્યક છે. જે તોહમતદાર એ કરેલ નથી. આ કામે તોહમતદારે પોતાનો પ્રોબેબલ ડીફેન્સ લીધેલ નથી.

(૯) આમ આ કામે ફરિયાદપક્ષ તકરારી ચેકની રકમનુ કાયદેસરનું લેણું તોહમતદાર પાસેથી બાકી પડતુ હતુ તે નિ:શંકપણે સાબિત કરી શકેલ છે કે નહી તે અત્રેની કોર્ટે જોવાનું રહે છે.

આ સંદર્ભે કેસનું રેકર્ડ જોવામાં આવે તો **આંક–૦૮** વાળો તકરારી ચેક તોહમતદાર નં. ૧ હરેશભાઈ મનસુખભાઈ પટેલ તે ઉમીયા સેલ્સ એજન્સીના ઓથોરાઈઝડ સિગ્નેટરી એ ફરિયાદીને સહી કરીને આપેલ છે. જે રેકર્ડ ઉપરથી ફલિત થાય છે. આ ચેક ફરિયાદીએ બેન્કમાં ભરતા **આંક– ૦૯**વાળા રીટર્ન મેમાથી પરત ફરેલાનું રેકર્ડ ઉપરથી જણાય આવે છે. આ અંગે ફરિયાદીએ તોહમતદારને તેમના સરનામે **આંક– ૧૦** વાળી નોટીસ આર.પી.એ.ડી. દ્વારા મોકલાવેલ છે. સદર કામે **આંક–૧૨** થી ટ્રેક રીપોર્ટ જોતા ફલીત થાય છે કે આરોપી નં. ૧ ને નોટીસ બજી ગયેલી છે પરંતુ ખોટા સરનામે નોટીસ મોકલેલ હોવા બાબતે કોઈ બચાવ આરોપીએ પુરવાર કરેલ નથી. આ કામે ફરીયાદીને નામદાર સુપ્રિમ કોર્ટના ***<u>" C. C. Alavi Haji V/S Palapetty Muhammed & Anr "</u> Appeal (Crl.) 767 of 2007 date of decision 18/05/2007, Bench :- Honourable CJI K. G. Balakrishanan, R. V. Raveendran & D. K. Jain*** નો ચુકાદો અને તેમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતોનો લાભ મળવાપાત્ર થાય છે. વધુમાં આ તકરારી ચેકની રકમ આ કામના તોહમતદારે ફરિયાદીને અગાઉ ચુકવી આપેલ હોય તેવી હકીકત પણ કેસના રેકર્ડ ઉપર લાવી પુરવાર કરવામાં આરોપીપક્ષ નિષ્ફળ રહેલ છે. તોહમતદારે પોતે સોગંધ ઉપર જુબાની આપેલ નથી કે બચાવના સાહેદ તપાસેલ નથી. ફરિયાદીની ઉલટતપાસ કરવાની વ્યાજબી અને પૂરતી તક આપેલ હોવા છતાં તેની ઉલટતપાસ લઈ પોતાનો બચાવ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. વધુમાં તકરારી ચેકમાં તોહમતદારની સહી નથી તેવો તોહમતદારનો કોઈ બચાવ નથી. આ તકરારી ચેક તોહમતદાર પાસેથી ફરિયાદીએ ડરાવી, ધમકાવી લઈ લીધેલ હોય કે તોહમતદારનો આ ચેક ગુમ થયેલ હોય અને તે અંગે તોહમતદારે કોઈ કાર્યવાહી કરી હોય તેવો પણ કોઈ

પુરાવો રેકર્ડ ઉપર લાવવામાં તોહમતદારપક્ષ નિષ્ફળ રહેલ છે. જેથી તકરારી ચેક તોહમતદારે કાયદેસરના લેણાં પેટે ફરિયાદીને સહી કરીને આપેલાનુ અને તે ચેક રીટર્ન થયેલાનુ ન માનવાને કોઈ કારણ નથી. આ કામે ફરિયાદપક્ષે રજુ પુરાવાઓમાં તોહમતદારે પ્રીપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી મુજબનો કોઈ રીબર્ટલ પુરાવો રજુ કરી ફરિયાદપક્ષના કેસમાં શંકા ઉભી કરી ફરિયાદપક્ષે એકટની કલમ ૧૧૮ અને ૧૩૯ ના અનુમાનોનુ ખંડન કરતો કોઈ ખંડનાત્મક પુરાવો રજુ કરેલ હોય તેવુ જણાય આવતુ નથી. આ કામે ફરિયાદપક્ષે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓમાં તોહમતદારે વ્યવહાર બાબતે કે તકરારી ચેક બાબતે શંકા ઉભી કરેલ નથી. જેથી પ્રીપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી મુજબના માની શકાય તેવા ખંડનાત્મક પુરાવાના અભાવે ફરિયાદપક્ષ તકરારી ચેકની રકમનુ કાયદેસરનુ લેણું નિ:શંકપણે પુરવાર કરેલ છે.

(૧૦) આમ, ઉપરોકત ચર્ચા મુજબ, રેકર્ડ ઉપરની સમગ્ર હકીકતો ધ્યાને લેતાં તોહમતદારે કેસની સમગ્ર ટ્રાયલ દરમ્યાન જે બચાવો લીધેલ છે તેને પુરવાર કરે તેવા કોઈ પુરાવા રેકર્ડ ઉપર લાવી એકટની કલમ ૧૩૯ ના અનુમાનોનુ ખંડન કરી શકેલ નથી. જયારે તે સામે ફરિયાદપક્ષે પોતાની ફરિયાદ હકીકતના સમર્થનમાં પુરતા લેખિત મૌખિક પુરાવા રજુ કરેલ છે જે ફરિયાદ હકીકતને સમર્થન કર્તા બની રહેલ છે. તેવા સંજોગોમાં તોહમતદાર વિરૂધ્ધના કાનુની અનુમાનો માનવાને કારણ રહે છે. ઉપરોકત હકીકતો ધ્યાને લેતા તોહમતદારપક્ષ એકટની કલમ-૧૧૮,૧૩૮ સાથે વંચાણે લેતાં કલમ-૧૩૯ ના અનુમાનોનું ખંડન કરવામાં નિષ્ફળ ગયેલ હોય, ફરિયાદપક્ષના કેસને કાનુની અનુમાનોના આધારે રેકર્ડ ઉપર વ્યાજબી શંકાથી પર સાબિત થઈ આવે છે. જેથી ઉપરોકત તમામ હકીકતો ધ્યાને રાખી **મુદા નં.૧ "હકારમાં"** ઠરાવી આ કામના તોહમતદારને ફોજદારી કાર્યરિતિ સંહિતા,૧૯૭૩ ની કલમ - ૨૫૫(૨) અન્વયે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ -૧૩૮ ના ગુના સબબ **તકસીરવાન** ઠરાવી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

આખરી હુકમ

આ કામના આરોપી નં. ૧.**જગદીશ રહે.** સી–ઓ, મંગલસિંગ નોઅપુર, ગિરાતગંજ, નોઅપુર, જિ. રાયસેન – ૪૬૪૮૮૪ નાઓને ફોજદારી કાર્યરિતિ સંહિતા,૧૯૭૩ ની કલમ - ૨૫૫(૨) અન્વયે ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ ના ગુના સબબ તકસીરવાન ઠરાવવામાં આવે છે તથા આરોપી નં.૧. **જગદીશને એક વર્ષની** સાદી કેદની સજા કરવામાં આવે છે.

આરોપી આરોપી નં.૧.**જગદીશ એ** ફોજદારી કાર્યરિતિ સંહિતા,૧૯૭૩ ની કલમ -૩૫૭(૩) અન્વયે ફરિયાદી બેન્ક આર.બી.એલ.બેંક લીમીટેડને વળતર પેટે તકરારી ચેકની રકમ **રૂા.૧૪,૯૮,૯૦૦ /– (અંકે રૂપિયા ચૌદ લાખ અઠ્ઠાણું હજાર નવસો પુરા)** દિન–૬૦ માં ચુકવી આપવા. જો આરોપી સદર વળતરની રકમ ચુકવવામાં કસુર કરે તો આરોપી નં.૧ **જગદીશને** વધુ ૩ માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમની એક નકલ આરોપીને ફોજદારી કાર્યરિતિ સંહિતા ની કલમ - ૩૬૩ અન્વયે વિના મુલ્યે પુરી પાડવી.

આરોપી આજરોજ ચુકાદાના દિવસે હાજર ન હોય તેમજ મુકિત અરજી રજુ ન હોય આરોપી વિરૂધ્ધ આ સજાના અમલ સંબંધેનુ બીનજામીનલાયક વોરંટ પ્રોસેસ ફી ભર્યેથી ઇસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ચુકાદો આજ તા. ૦૬ મી , માહે–એપ્રીલ , સને –૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ:અમદાવાદ
તારીખ:૦૬/૦૪/૨૦૨૬

(કે.એમ.વ્યાસ)
૨૮માં એડી.ચીફ.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૫૦, અમદાવાદ શહેર,
કોડ નં.જી.જે.૦૧૨૦૧.